ખટોદરા  પો.સ્ટે. વિસ્તારમાં થયેલ તાંબાના વાયરોની ઘરફોડ ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલતી, સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચ.

સુરત શહેર વિસ્તારમાં વણશોધાયેલ ગુન્હાઓ શોધી કાઢવા સારૂ સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચના પોલીસ અધિકારી/પોલીસ માણસોની અલગ અલગ ટીમો બનાવી પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.સ.ઈ.શ્રી. પી.કે.પટેલ નાઓની ટીમના HC શૈલેષ રાઘેબિહારી અને પો.કો.મનોજ તુકારામ નાઓને મળેલ બાતમી હકિકત આધારે પુણાગામ શિવ મહોલ્લો દુકાન નં-૫૦૪, પ્રિતી પસ્તી ભંડાર પાસેથી આરોપી (૧) સતોષ રાજેશ શર્મા ઉ.વ.૨૧ રહે.સીમાડાગામ દિવાલીનગર ગલી નં.૭, સરથાણા, સુરત શહેર મુળ રહે.અરોદા પોસ્ટ – પરસોટા જી-મુરૈન (મધ્યપ્રદેશ) તથા (૨) મોહિત હરીશચંદ્ર ગુપ્તા ઉ.વ.૨૬ રહે.મકાન નં.૫૯, મહાદેવનગર સોસા., સોનિ પાર્કની નજીક તાથીથૈયા જી-સુરત મુળ રહે.ડુંમરીયાગંજ જી.સિધ્ધાર્થનગર (ઉત્તરપ્રદેશ) નાઓને પકડી તેમના કબજામાંથી તાંબાના વાયરની એક ગુણ વજન-૭૦ કિલો કિ.રૂ. ૨૭,૩૦૦/- તેમજ ચોરીનો માલ લાવવા લઈ જવા માટે ઉપયોગમાં લીધેલ ઓટો રીક્ષા નં.GJ-05-AY-5197 કિ.રૂ. ૫૦,૦૦૦/- તથા મોંબાઈલ ફોન નંગ-૨ કિ.રૂ. ૯૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ. ૮૬,૩૦૦/- ના મત્તાનો મુદ્દામાલ કબજે કરેલ તેમજ સદર આરોપીઓની પુછપરછ કરતાં આરોપી નં. (૧) સંતોષ શર્મા અને તેના સાગરીત મુકેશ માદા નાઓએ મળીને આજથી આશરે એક મહિના પહેલા ખટોદરા દેવચંદનગર સોસા., ખાતા નં.૪૭ પાછળના લાકડાનો દરવાજો તોડી, અંદર પ્રવેશ કરી, તાંબાના વાયરોની ચોરી કરેલાની કબુલાત કરતા ખટોદરા પો.સ્ટે. । ગુ.ર.નં.૩૧/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૮૦,૪૫૪,૪૫૭ મુજબનો ગુન્હો વણશોધાયેલ હોય, તેમજ આ ગુન્હામા ફરીયાદીશ્રીએ કોઈ અજાણ્યા ઈસમો વિરૂધ્ધ ખાતા નં.૪૭ નો પાછળનો દરવાજો તોડી, અંદર પ્રવેશ કરી, તાંબાના વાયરો ૫૦૦ કિલો કિ.રૂ. ૧,૯૫,૦૦૦/- ના મત્તાની ચોરી કરેલ હોય, દરમ્યાન બાતમી આધારે આરોપી નં.(૧) ચોરેલ વાયરો ભંગારના વેપારીને આરોપી નં.(૨) નાને વેચવા જતા પકડી પાડેલ, જે ગુન્હો વણશોધાયેલ હોય, જે શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.